# 'મિશન ચંદ્ર' વિજ્ઞાન સ્પર્ધાના પ્રારંભિક રાઉન્ડના વિજેતાઓનો સન્માન સમારોહ

**ખગોળશાસ્ત્રમાં રૂચિ વધારતી આ સ્પર્ધાના ૧૧ વિજેતા ટીમો અંતિમ રાઉન્ડમાં ભાગ લેશે**



ગાંધીનગર, તા.૨૨

સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ISRO, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - ગુજકોસ્ટ અને ગુજરાત સાયન્સ સિટીના સહયોગથી કંટ્રોલર ઓફ કોમ્યુનિકેશન એકાઉન્ટ્સ- ગુજરાત સર્કલ દ્વારા 'મિશન ચંદ્ર' વિજ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતની જુદી જુદી એન્જિનિયરિંગ કોલેજોની ૮૦થી વધુ ટીમોએ નામાંકન કરાવ્યું હતું.

ગુજરાત સાયન્સ સિટીના ઓડિટોરિયમ-૧ ખાતે તા.૧૯ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ વિવિધ ટીમના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો અને તેમના ડિજિટલ 3D મોડલ પ્રસ્તુત કર્યા હતા. ૮૦ ટીમો પૈકી ૧૧ ટીમો સ્પર્ધાના પ્રારંભિક રાઉન્ડમાં વિજેતા બની હતી. વિજેતા વિદ્યાર્થીઓ માટે ૨૨ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ખાનપુરમાં આવેલ મીમાંસા, છઠ્ઠા માળે, CCA, P&T વ્યવસ્થા ભવનમાં સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે CCA- વેસ્ટર્ન ઝોનના અધિકારી, CPMG ગુજરાત, SAC-ISRO, GUJCOST અને ગુજરાત સાયન્સ સિટીના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ટીમના વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા તેમજ આ વિદ્યાર્થીઓને ૨૩ ઓગસ્ટના રોજ સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ISROથી ચંદ્રની સપાટી પર ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું લાઈવ પ્રસારણ નિહાળવાની તક મળશે.

આગામી દિવસોમાં ૧૧ વિજેતા ટીમો સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં જશે, જેમાં તેઓ પ્રારંભિક રાઉન્ડમાં સબમિટ કરેલા ડિજિટલ મોડલનું (લોન્ચ વ્હીકલ, લેન્ડર અથવા રોવર)નું ભૌતિક મોડલ (પ્રોટોટાઈપ) બનાવશે. તેના માટેનું મૂલ્યાંકન ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે કરવામાં આવશે.



ચિલોડા મોટા ખાતે નીલકંઠ મહાદેવ મંદિરે સાવન માસ પ્રથમ સોમવાર ભક્તો દ્વારા મોટી સંખ્યામાં ભક્તો દ્વારા વહેલી સવારથી મોડી રાત સુધી શ્રી ભોળાનાથ શંભુના દર્શન અને પુજા અર્ચના કરવા માટે જળ દૂધ ફળ ફૂલ બીલીપત્ર વગેરે પુજા સામગ્રી દ્વારા ઘંટ નાદ કરી ઓમનમો શિવાય મંત્રનો જપ કરી વિશેષ પુજા અર્ચના કરી ધન્યતા અનુભવી હતી

# રાજપૂત સમાજના નિવૃત સરકારી અધિકારીઓનો શિક્ષણ યજ્ઞ

**ગામેગામ જઈને રાજપૂત સમાજના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ માટેપ્રોત્સાહન આપી રહ્યાં છે**



ગાંધીનગર, તા.૨૨

શિક્ષણ એક એવો દીપ છે જે જીવનમાં અજ્ઞાન અને દરિદ્રતાના અંધકારને દૂર કરી પ્રગતિ અનેપ્રસન્નતાનો પ્રકાશ પ્રસરાવે છે. ગાંધીનગરના રાજપૂત સમાજના અગ્રણીઓએ તેમના સમાજમાં ઘરે ઘરે શિક્ષણના દીપ પ્રજ્જવળતાં થાય અને નવયુવાનોનું ભાવિપ્રકાશમય બને તે હેતુથી કમર કસી છે અને તે અંતર્ગત સે.૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે વર્ગ-૩ના સરકારી અધિકારીની પરીક્ષાઓની તાલીમના વર્ગો શરુ કરાયાછે. આ વર્ગોમાં સમાજના યુવાનો જોડાય તે માટે રાજપૂત સમાજના નિવૃત સરકારી અધિકારીઓ ગામેગામ જઈને સમાજના યુવાઓને પ્રોત્સાહિત કરી રહ્યાં છે.

શ્રીરાજપૂત સમાજની શિક્ષણ સમિતિના અગ્રણીઓ જેમાં નિવૃત એડિશનલ ડીજીપી સિદ્ધારાજસિંહ ભાટી, નિવૃત ડેપ્યુટી કલેક્ટર બળવંતસિંહ ચાવડા, ભૂપતસિંહ ચાવડા, ભીખુસિંહ ચાવડા, હિતેન્દ્રસિંહ રાઓલ, દિનેશસિંહ ચાવડા, શંકરસિંહ ગોહિલ, નિવૃત શિક્ષણાધિકારી રઘુસિંહ ગોલ, સતુભા ચાવડા, વેલુસિંહ ચાવડા, સામંતસિંહ ચાવડા વગેરે દ્વારા તારીખ ૨૦/૮/૨૩ને રવિવારના રોજ રંગપુર, લાકરોડા તેમજ અંબોડ ખાતે સભા બેઠક કરી સેક્ટર ૧૨ ખાતે શરુ કરેલ વર્ગ-૩ના કોચિંગ ક્લાસઅંગે સમજ આપી વર્ગોમાં જોડાઈ આવનારી સરકારી પદ માટેની પરિક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સાથે તેમણે સમાજની પ્રગતિમાટેપ્રેરકપ્રવચનો કર્યાહતા. આ તમામ ગામોમાં મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાજના નિવૃત અધિકારીઓ દ્વારા શરુ થયેલ આ સુંદરકામગીરીને બિરદાવવામાં આવી હતી.

# બ્રહ્માકુમારી દ્વારા ઘર બને મંદિર વિષય પર એક અનોખુ સમ્મેલન



ગાંધીનગર, તા.૨૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના ૨૦ પ્રભાગ પૈકીના સમાજ સેવા પ્રભાગ દ્વારા ઘર પરિવારના તમામ સભ્યોને એક બીજાને સમજી, ખભે ખભા મીલાવી ઘર પરિવાર ને સુખી બનાવવાની સાચી દિશા પ્રશસ્ત કરવા સમગ્ર ભારતભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવતાં હોય છે. જે અંતર્ગત ૨૦, ઓગસ્ટ, રવિવારે સાંજે ૪.૩૦ વાગે બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર.૧, રાંદેસણ, ગાંધીનગર ખાતેસેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની રંજન દીદી દ્વારા મહિલાઓ માટે 'ઘર બને મંદિર' વિષય પર એક અનોખુ સમ્મેલન રાખવામાં આવેલ છે. જેના મુખ્ય વક્તા બ્રહ્માકુમારીઝ, પશ્ચિમ રાજસ્થાનના ભીનમાલ અને તેના સંબંધિત કેન્દ્રોના પ્રભારી અને 'હારમની ઈન રિલેશન' ટોપિકના પ્રખર વક્તા ડૉ.બી.કે. ગીતાબેનેવિષય ને છણાવટ સાથે સુંદર રીતે રજૂ કરી ઉપસ્થિત એક જ કુટુંબની સાસુ અને વહુ વચ્ચે આદર, પ્રેમ અને અહોભાવયુક્ત અનોખો સુમેળ ઉભો કરેલ ફળસ્વરૂપ સાસુએ વહુંને જ ઘરની લક્ષ્મી તરીકે સ્વીકારી, આરતી ઉતારી, 'ઘર મંદિર સે નહીં હો કમ' એ કૃતિ ને સાચી ઠેરવેલ. સંમેલનમાં મંચસ્થબ્રહ્માકુમારીઝ સેક્ટર.૨૮, ગાંધીનગર પ્રભારી આદરણીય રાજયોગીની કૈલાશ દીદીજી, જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગરના પ્રમુખ ભગિની ચેતનાબેન બુચ, ગાંધીનગર મહાનગર પાલિકાના દંડક તેજલબેન અને બ્રહ્માકુમારીઝ સરગાસણ પ્રભારી બી.કે.મેઘાબેનની વિશેષ ઉપસ્થિતિ એ સૌ નારી શક્તિના ઉમંગ ઉત્સાહમાં અનેક ગણી વૃદ્ધિ કરેલ કાર્યક્રમની પૂર્ણાહુતિમાં સૌ ભગીનીઓ સંબંધનુંસાચું મૂલ્ય સમજી, ઘર ને મંદિર બનાવવાના મક્કમ નિર્ધાર સાથે પોતાના પરિવાર માટેકોઈ મોટો ખજાનો પ્રાપ્તિ કરી સમૃદ્ધ બની ને જઈ રહી હોય તેવું લાગી રહ્યું હતું.

# આરએસએસ પ્રકોષ્ટ "ગંગા સમગ્ર"ની પ્રશિક્ષણ શિબિર યોજાઈ

**ગાંધીનગર ખાતે યોજાયેલી શિબિરમાં ૧૩૫ પદાધિકારીઓની નિયુક્તિ કરાઈ**

ગાંધીનગર, તા.૨૨

રાષ્ટ્રિય સ્વયમ સેવક સંઘના પ્રકોષ્ટ "ગંગા સમગ્ર" દ્વારા રવિવાર, તા. ૨૦મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે ગુજરાત પ્રાંતના સંરક્ષક સંજયભાઈ રાદડીયા, ગુજરાત પ્રાંત સંયોજક તથા રાષ્ટ્રીય સંચાર મીડિયા આયામ પ્રમુખ અરૂણસિંહ રાજપૂત, ગુજરાત પ્રાંતના સહ સંયોજક રાહુલપતિ ત્રિપાઠીના માર્ગદર્શનમાં અને મહેમાનો તરીકે પર્યાવરણ વિભાગના ચીફ એન્જિનિયર રાજેશકુમાર પરમાર તેમજ રીટાયર્ડ અધિક કલેકટર એ કે સિંઘની ઉપસ્થિતિમાંઅવિરલ ગંગા.. નિર્મલ ગંગા.. ના સૂત્ર સાથે ગુજરાત ભરના નવનિયુક્ત પદાધિકારીઓ માટે "કાર્યકર્તા પરિચય અને પ્રશિક્ષણ શિબિર - ૨૦૨૩"નું આયોજન કરાયુંહતું. જેના ભાગ રૂપે સંપૂર્ણ ગુજરાત પ્રાંતમાં સંઘનો વ્યાપ વધારવાના હેતુથી પ્રદેશ, જિલ્લા, શહેર અને તાલુકા કક્ષાએ ૧૩૫ પદાધિકારીઓની નિયુક્તિકરવામાં આવી હતી

નિયુક્ત કરાયેલા પદાધિકારીઓમાં ગુજરાત પ્રદેશ સ્તરે સહ સંરક્ષક તરીકે ચિરાગકુમાર વાછાણી, સહ સંયોજક તરીકે શૈલેન્દ્રસિંહ ઠાકોર(શૈલુ બાપુ) - વડોદરા, સંગઠન મંત્રી પદે પ્રકાશ યાદવ (પાટીલ) - વડોદરા, કાર્યકારિણી અધ્યક્ષ પદે ગુંજનભાઈ પટેલ - ગાંધીનગર, મહિલા અધ્યક્ષ પદેનીતુ ખેમાની - ગાંધીનગર, મહિલા મહામંત્રી પદે રિતુ રાઠી - સુરત, તેમજ ગુજરાતના વિવિધ આયામ માટે સંચાર મીડિયા આયામ અધ્યક્ષ પદે પવન મિશ્રા, મહામંત્રી પદે કુલદીપસિંહ જાડેજા, પર્યાવરણ આયામ અધ્યક્ષ પદે કર્ણવ મયુર દવે, આરતી આયામ અધ્યક્ષ પદે મહંત સુનીલદાસજી મહારાજ, જૈવિક કૃષિ આયામ અધ્યક્ષ પદે ડો. સી કે ટિંબડિયા, ઉત્તર ગુજરાત પ્રાંત પ્રભારી પદે મિત સોની, દક્ષિણ ગુજરાત પ્રાંત પ્રભારી પદે રિશિદા ઠાકુર, દક્ષિણ ગુજરાત પ્રાંત અધ્યક્ષ પદે મહેન્દ્રસિંહ રાઠોડ, કર્ણાવતી જિલ્લા અધ્યક્ષ પદે નરેશકુમાર ડી પરમાર, મહિલા અધ્યક્ષ પદે ગાયત્રીબેન શાહ, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ પદે અવિરાજસિંહ સિસોદિયા, વિધિ પ્રકોષ્ટ આયામ અધ્યક્ષ પદે અભિરાજસિંહ રાજપૂત અને વિવિધ જિલ્લા અધ્યક્ષોની નિમણુંક કરાઈ હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ પર્યાવરણ અને પ્રદૂષણ મુદ્દે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને નવનિયુક્ત પદાધિકારીઓએ દરેક નદીઓ, નાળા, કેનાલ, તળાવો, કુવાઓની સાફસફાઈ, સાચવણી અને જાળવણી સાથે પાણીની બચત, તેમજ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને ગુજરાત ભરના નાગરિકોને પર્યાવરણ વિશે જાગૃત કરવા માટેનો સંકલ્પ લીધો હતો. શિબિરના અંતે પ્રદેશ સંગઠન મંત્રી પ્રકાશ યાદવ પાટીલ દ્વારા આભારવિધિ તેમજ રાષ્ટ્ર ગીત સાથે શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# ઈસબગુલના પ્રોસેસિંગમાં ગુજરાત ભારતમાં મોખરાના સ્થાન પર

**ભારત સમગ્ર વિશ્વમાં ઔષધીય પાક ઇસબગુલનો સૌથી મોટો ઉત્પાદક દેશ, ગુજરાતમાં પણ ઇસબગુલનું ભારતમાં ઇસબગુલના કુલ ઉત્પાદનના ૯૩%ની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે**

## ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષોમાં ઈસબગુલનું ઉત્પાદન બમણું થયું

આ ઈસબગુલના ઉત્પાદનમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં ઈસબગુલનો કુલ વાવેતર વિસ્તાર ૬૭૫૪ હેક્ટર અને કુલ ઉત્પાદન ૬૮૧૭ મેટ્રિક ટન હતું, તેની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ વાવેતર વિસ્તાર ૧૩,૩૦૩ હેક્ટર અને કુલ ઉત્પાદન ૧૨,૯૫૨ મેટ્રિક ટન થયું છે. આમ, છેલ્લા પાંચ વર્ષોમાં ગુજરાતમાં ઈસબગુલનો વાવેતર વિસ્તાર અને તેનું ઉત્પાદન લગભગ બમણું થયું છે.ગુજરાતમાં બનાસકાંઠામાં ઈસબગુલનું સૌથી વધુ એટલે કે ૪૭% ઉત્પાદન થાય છે, ત્યારબાદ કચ્છમાં ૩૪%, મહેસાણામાં ૧૦% અને જૂનાગઢમાં ૫% ઈસબગુલનું ઉત્પાદન થાય છે. આ સાથે ગુજરાતમાં ઈસબગુલના કુલ ઉત્પાદનના ૯૬% ઉત્પાદન આ ચાર જિલ્લાઓમાં થાય છે.

## અમેરિકા ભારતીય ઈસબગુલનો સૌથી મોટો ખરીદદાર દેશ

ભારતમાંથી ઈસબગુલનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા છે, જે ભારતમાંથી થતી કુલ નિકાસનો લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી અમેરિકામાં ૧૯,૬૬૬ મેટ્રિક ટન ઈસબગુલની નિકાસ કરવામાં આવી હતી, જેનું મૂલ્ય રૂ.૧૦૨૩.૨૯ કરોડ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ક્વાર્ટરમાં રૂ.૩૪૩.૨૦ કરોડના મૂલ્યના ૪૯૩૧.૭૦ મેટ્રિક ટન ઈસબગુલની અમેરિકામાં નિકાસ કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે ભારતીય ઔષધીય પાક ઈસબગુલ અમેરિકામાં હાલ ભારે માંગમાં છે.

ગાંધીનગર, તા.૨૨

સ્થાનિક ભાષામાં 'ઘોડાજીરૂ' તરીકે ઓળખાતો ઈસબગુલ ભારતમાં ખેતી હેઠળના તમામ ઔષધીય પાકોમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતો અતિ મહત્વનો પાક છે. સમગ્ર વિશ્વમાં ભારત એ ઈસબગુલ જેવા ઔષધીય પાકનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ઈસબગુલ પાકના પ્રોસેસિંગમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરાના સ્થાન પર છે. ભારતના કુલ ઈસબગુલના ઉત્પાદનનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાં કરવામાં આવે છે. તેના પ્રોસેસિંગના એકમો સિદ્ધપુર અને ઊંઝા ખાતે કાર્યરત છે. ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૨૫ જેટલા ઈસબગુલ પ્રોસેસિંગ યુનિટ્સ વિકસિત કરવામાં આવ્યા છે.

ઈસબગુલ એ સૌથી વધુ વિદેશી હૂંડિયામણ કમાવી આપતો ઔષધીય પાક છે અને ભારતના કુલ ઈસબગુલના ઉત્પાદનના ૯૩% ઉત્પાદનની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, જેમાં અમેરિકા ભારત પાસેથી સૌથી વધુ માત્રામાં ઈસબગુલ ખરીદે છે. ત્યારબાદ ભારત પાસેથી સૌથી વધુ ઈસબગુલ ખરીદનારા દેશોમાં જર્મની, ઈટલી, યુકે અને કોરિયાનો સમાવેશ થાય છે. જોકે, વિશ્વના અનેક દેશોમાં ભારતમાંથી ઈસબગુલની નિકાસ કરવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારની બાગાયત અને ઔષધીય પાકો માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાં બાગાયતી અને ઔષધીય પાકોના વાવેતર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની પ્રોત્સાહક ઉદ્યોગનીતિ તેમજ એગ્રો ઈન્ડસ્ટ્રીઝની નીતિઓના કારણે કૃષિ ઉત્પાદનોના પ્રોસેસિંગમાં અને તેમની નિકાસમાં પણ વધારો થઈ રહ્યો છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ૨૪ અને ૨૫ ઓગસ્ટ આંતર શાળાકીય ખેલ મહોત્સવ યોદ્ધાનું આયોજન

**ખેલ મહોત્સવમાં ૩૭ શાળાના ૧૩૦૦ ખેલાડી ભાગ લેશે**

ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની સે ૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિર સરકારી શાળા દ્વારા તારીખ ૨૪ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ "યોદ્ધા : આંતર શાળાકીય ખેલ મહોત્સવ ૨૦૨૩-૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર અને અમદાવાદના વિદ્યાર્થીઓની ખેલ પ્રતિભાને પ્રોત્સાહન અને પ્લેટફોર્મ મળે તે માટે કડી સર્વ વિશ્વવિદ્યાલયે આ નવીનતમ પહેલ કરી છે. કોઈ વિશ્વ વિદ્યાલય દ્વારા શાળાના બાળકો માટે બહુ-રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હોય તેવી આ અનોખી અને પહેલી ઘટના છે. આ ખેલ મહોત્સવમાં ફૂટબોલ, વોલીબોલ, કબડ્ડી, હેન્ડબોલ, થ્રો બોલ, ચેસ, બેડમિંટન અને ટેબલ ટેનિસનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગાંધીનગર, અમદાવાદ તેમજ મહેસાણાની કુળ ૩૭ શાળાના ૧,૩૦૦ જેટલા રમતવીરો ભાગ લેવાના છે. ખેલાડીઓની સાથે આશરે ૪૦ જેટલા કોચ-મેનેજર અને ૧૦૦ જેટલા ઓફિશિઅલ્સ અને સ્વયંસેવકો આ ખેલ મહોત્સવને સફળ બનાવશે.

ફૂટબોલ, વોલીબોલ, કબડ્ડી, હેન્ડબોલ, થ્રો બોલ અને ચેસની સ્પર્ધા કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત મહાત્મા ગાંધી, વિદ્યામંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગરના મેદાનો પર અને બેડમિંટન તેમજ ટેબલ ટેનિસની સ્પર્ધા સેક્રેટરિયેટ જીમખાના, સેક્ટર- ૨૧, ગાંધનગર ખાતે યોજાશે. વિજેતા અને ઉપવિજેતા ખેલાડીઓ અને ટીમોને ટ્રોફી, ચંદ્રકો અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. "કર ભલા હોગા ભલા"ના આદર્શને વરેલા કડી સર્વ વિશ્વવિદ્યાલયના "યોદ્ધા : આંતર શાળાકીય ખેલ મહોત્સવ ૨૦૨૩-૨૪" માટે કોઈ પ્રકારની રજીસ્ટ્રેશન ફી કે ચાર્જ રાખવામાં આવ્યો નથી. તમામ સ્પર્ધકોને આયોજક સંસ્થા તરફથી ટી-શર્ટ અને ભોજન નિઃશૂલ્ક પુરું પાડવામાં આવશે. જીમખાના સેક્ટર-૨૧ના સ્પર્ધા સ્થળે જવા-આવવા પણ કોઈ પણ ચાર્જ વિના બસ સેવા પણ પુરી પાડવાનો નિર્ણય લેવાયો છે.

# વિશિષ્ટ સેવા માટે વિશાલ ચૌહાણને રાષ્ટ્રપતિ એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય પોલીસદળના ઈન્ટેલીઝન્સ ઓફીસર તરીકે અધિક પોલીસ મહાનિર્દેશક, સી.આઈ.ડી. (ઈન્ટેલીઝન્સ)ની કચેરીમાં ફરજ બજાવતા વિશાલ ડી. ચૌહાણને તેમની પ્રશસનીય સેવાઓ બદ રાષ્ટ્રપતિ દ્વારા વિશિષ્ટ સેવા પોલીસ મેડલ આપવામાં આવનાર છે. આ નિમિત્તે કાયદો અને વ્યવસ્થાના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ શમશેર સિંઘ દ્વારા વિશાલ ચૌહાણને એક પત્ર લખીને સમગ્ર ગુજરાત પોલીસ દળ તરફથી અને દળ વતી હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા છે. વિશાલ ચૌહાણ પોલીસખાતાના એક સનિષ્ઠ અધિકારી તરીકે પંકાયેલા છે.

# શ્રી વર્ધમાન વિદ્યાલય દહેગામ માં નશામુક્ત ભારત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

આજ રોજ શ્રી વર્ધમાન વિદ્યાલય દહેગામ માંપ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ની બહેનો દ્વારા શાળામાં મા નશા મુક્ત ભારત નો સુંદર કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું જેમાં વિધાર્થીઓ ને વ્યશનમુકિત નાં શપથ લેવડાવવામાં આવ્યા અને નશા મુક્ત ભારત નો સંકલ્પ લેવામાં



આવ્યો જેમાં કેમ્પસ ડાયરેક્ટર શ્રી રિપલભાઈ શાહ આચાર્યશ્રી નટવરભાઈ ચૌધરી અને સમગ્ર સ્ટાફ મિત્રો હાજર રહ્યા

# સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં જી-૨૦ યંગ ઈન્ડિયા સ્ટ્રોંગ ઈન્ડિયા અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સેક્ટર-૧૨ સિવિલ કેમ્પસમાં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં જી-૨૦ યંગ ઈન્ડિયા સ્ટ્રોંગ ઈન્ડિયા અંતર્ગત 'ફર્સ્ટ ૧૦૦૦ ડેઈઝ ઓફ લાઈફ' વિષય ઉપર તા. ૧૯-૮-૨૦૨૩ના રોજ એક દિવસીય સેમિનાર યોજાયો હતો.




આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે યુનિસેફના કો-ઓર્ડીનેટર હરીપ્રકાશ હડિયલે આ વિષય પર પોતાનુ વક્તવ્ય આપ્યુ હતુ. આ વિષય આધારિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ

તથા આ સ્પર્ધામાં નાયી પ્રિયંકા પ્રથમ તથા દ્વિતીય નંબરે સેજલને ઈનામ આપવામાં આવ્યા હતા. આ સેમિનારમાં કુલ ૨૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગ દ્વારા રાખી નિબંધ સ્પર્ધા યોજાઈ



તારીખ ૨૨-૮-૨૦૨૩ના રોજ ટાટા કન્સલ્ટન્સી સર્વિસ તરફથી પર્યાવરણ તેમજ કચરો ઓછો કરવા અને રિસાઈકલિંગને પ્રોત્સાહન આપવા માટે આપણે કેવી સારી આદતો પાડી શકીએ તેવા વિષયને ધ્યાનમાં રાખી નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું. તેમાં ૯ થી ૧૨ ની ૯૧ વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ટાટા તરફથી વિદ્યાર્થીની બહેનોને સ્ટોરી બુક તેમજ સ્ટીકરો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી હસમુખભાઈ ચૌધરી ,અને સિનિયર શિક્ષક ઉર્મિલાબેન તેમજ કોકીલાબેન તેમજ ગુજરાતી વિષય ભણાવતા દેસાઈ હેતલબેન અને ચૌધરી જયશ્રીબેન એ બાળકોને પ્રોત્સાહન પૂરુ પાડ્યું છે.

# મગોડી હાઈસ્કુલમાં "આર્ટ એન્ડ ક્રાફ્ટ એવેરનેસ પ્રોગ્રામ" યોજાયો




ગાંધીનગર, તા.૨૨

આજરોજ ગાંધીનગર જિલ્લા સ્થિત મગોડીની પી.આર.ઠક્કરવિદ્યાવિહારમાં ગુજરાત માટીકામ કલાકારી અને રૂલર ટેકનોલોજી સંસ્થાન દ્વારા ન્યુ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ હેઠળ વિદ્યાર્થીઓને આર્ટ એન્ડ ક્રાફ્ટ પ્રોગ્રામનું જીવંત નિર્દેશન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓને માટીમાંથી અલગ અલગ ગૃહ ઉપયોગી તેમજ ગૃહ સુશોભનમાં વપરાતી વસ્તુઓ કેવી રીતે બનાવી શકાય અને કેવી રીતે વેચાણ કરી સ્વરોજગારી મેળવી શકાય તેનું નિદર્શન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય શ્રી મનુભાઈ પ્રજાપતિએ સ્વરોજગારીની વિવિધ પ્રવિધિઓ દ્વારા રોજગારી મેળવવા માટેનું માર્ગદર્શન આપ્યુ. કાર્યક્રમના અંતે જે.બી. ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કર્યો.